GJGN050046752021

| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | | | |
| દાખલ તારીખ | : | ૧૬ | ૧૦ | ૨૦૨૧ |
| રજીસ્ટર તારીખ | : | ૧૬ | ૧૦ | ૨૦૨૧ |
| નિકાલ તારીખ | : | ૨૭ | ૦૭ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | | | |

---

**કલોલના મે. બીજા એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની અદાલતમાં, મુ.કલોલ, જી. ગાંધીનગર.**

---

**ફોજદારી કેસ નંબર – ૩૫૫૪/૨૦૨૧**

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | : | શ્રી સરકાર મારફતે<br>વિ.એ.પી.પી.શ્રી<br>વિરુદ્ધ |
| **આરોપી** | : | **૧.** નરેશકુમાર બાબુભાઈ ત્રીવેદી,<br>રહે: નડીયાદ રોડ, કપડવંજ, નવી કોર્ટની સામે, સાંઈ કૃપા ફર્નીચરની દુકાનમાં, તા.કપડવંજ, જી.ખેડા |
| | : | **૨.** બાબુભાઈ ભીખાભાઈ ત્રીવેદી,<br>રહે: ૫, રામલલીત રેસિડેન્સી, નાની રત્નાકર રોડ, તા.કપડવંજ, જી.ખેડા |
| | : | **૩.** ગીતાબેન વા/ઓ બાબુભાઈ ભીખાભાઈ ત્રીવેદી,<br>રહે: ૫, રામલલીત રેસિડેન્સી, નાની રત્નાકર રોડ, તા.કપડવંજ, જી.ખેડા |

## ફોર્મ – એ

| | | |
|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | : | ઇ.પી.કો. ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૩, ૪ મુજબ |
| ફરિયાદી | : | શ્રી રૂપલબેન વા/ઓ નરેશકુમાર ત્રીવેદી તે મહેન્દ્રભાઈ લાભશંકર મહેતાની દીકરી |
| વિ.એ.પી.પી.શ્રી | : | પી.જી. આકવોડ |
| આરોપી | | ૧. નરેશકુમાર બાબુભાઈ ત્રીવેદી,<br>૨.બાબુભાઈ ભીખાભાઈ ત્રીવેદી,<br>૩.ગીતાબેન વા/ઓ બાબુભાઈ ભીખાભાઈ ત્રીવેદી, |
| આરોપી તરફે વિ.વ.શ્રી | : | આરોપી નં.૨,૩ તરફે વિ.વ.શ્રી બી.એચ. પરમાર |

## ફોર્મ –બી

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | : | ૦૮–૧૦–૨૦૧૦ થી ૦૭–૦૭–૨૦૨૧ |
| ફરિયાદ તારીખ | : | ૦૭–૦૭–૨૦૨૧ |
| ચાર્જશીટ તારીખ | : | ૧૬–૧૦–૨૦૨૧ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | : | ૨૮–૦૨–૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | : | ૨૧–૦૮–૨૦૨૩ |
| કામ ચુકાદા માટે રાખ્યાની તારીખ | : | ૦૭–૦૭–૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | : | ૨૭–૦૭–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (જો કોઇ હોય તો) | : | ––– |

## આરોપીની વિગત

| | |
|---|---|
| આરોપીનું નામ | ૧. નરેશકુમાર બાબુભાઈ ત્રીવેદી,<br>૨.બાબુભાઈ ભીખાભાઈ ત્રીવેદી,<br>૩.ગીતાબેન વા/ઓ બાબુભાઈ ભીખાભાઈ ત્રીવેદી, |

| | |
|---|---|
| ધરપકડની તારીખ | ૨૩–૦૭–૨૦૨૧ |
| જામીન પર મુકત કર્યા હોય તો તેનીતારીખ | ૨૩–૦૭–૨૦૨૧ |
| ગુનાહિત આક્ષેપો | ઇ.પી.કો. ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૩, ૪ મુજબ |
| નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શંકાનો લાભ આપેલ છે. |
| શું સજા કરી | – |
| સી.આર.પી. સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે ? | –– |

## ફોર્મ – સી

### ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદનું લીસ્ટ

**(એ) ફરિયાદપક્ષ તરફે :**

**ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો**

| નં. | સાહેદ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | રૂપલ નરેશકુમાર ત્રીવીદી | ફરિયાદી | ૧૪ |
| ૨ | મહેન્દ્રભાઈ લાભશંકર મહેતા | સાહેદ | ૧૮ |
| ૩ | પ્રવિણભાઈ શ્રવણભાઈ | પોલીસ સાહેદ | ૨૫ |
| ૪ | દિલીપસિંહ કુવંરજી ઠાકોર | ત.ક.અ. | ૨૭ |
| ૫ | ભારતીબેન મહેન્દ્રભાઈ મહેતા | સાહેદ | ૨૮ |

**(બી) બચાવપક્ષ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
| --- | --- | --- | --- |
| – | – | – | – |

**(સી) કોર્ટ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
| --- | --- | --- | --- |
| – | – | – | – |

**ફરિયાદપક્ષે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા :**

**(બી) દસ્તાવેજી પુરાવા :**

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
| --- | --- | --- |
| ૧. | ફરિયાદ | ૧૫ |
| ૨ | ફરિયાદીની લેખિત અરજી | ૧૬ |
| ૩ | સુચિપત્ર | ૨૬ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :**

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
| --- | --- | --- |
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજો :**

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
| --- | --- | --- |
| – | – | – |

## <u>-:: હુકમ ::-</u>

**આરોપી વિરુદ્ધ તહોમત :**

(૧) હાલના કામે આરોપીઓ વિરુદ્ધ ઇ.પી.કો. ની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૩, ૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષના કેસની ટૂંકી વિગત :</u>**

(૨) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૮-૦૩-૨૦૧૦ થી તા.૦૭-૦૭-૨૦૨૧ સુધી ફરિયાદીને અવાર નવાર નાની નાની બાબતોમાં બોલાચાલી કરી ઝધડો તકરાર કરી ફરિયાદીને કહેલ કે તુ તારા બાપના ઘરેથી કઈ દહેજ કે દર દાગીના લાવેલ નથી તેમ કહી ફરિયાદીને મહેણા ટોણા માનસીક તેમજ શારીરિક ત્રાસ આપી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઇ.પી.કો. ની કલમ-૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૩, ૪ મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદીની ફરીયાદનાં આધારે કલોલ શહેર પોલીસ સ્ટેશન દ્વારા તપાસ કરતાં આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**પોલીસ તપાસ અને ચાર્જશીટ રજૂ થયાની વિગત :**

(૩) આ કામે ફરિયાદીની ફરિયાદના આધારે ગુનો દાખલ થતા, તે અન્વયે તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, પડેલ પુરાવાને ધ્યાને લઈ, આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

**આરોપીને સમન્સ તથા તહોમતનામું :**

(૪) આ કામે આરોપીઓને ફોજદારી સી.આર.પી.સી.ની કલમ-૨૦૪ અન્વયે જારી કરવામાં આવેલ સમન્સ બજી જતાં, આરોપીઓ અદાલત રૂબરૂ હાજર થયેલ. આરોપીને સી.આર.પી.સી. ની કલમ-૨૦૭ પ્રમાણે પોલીસ

તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ, સદર કામે આરોપી નં.૧ લાંબા સમયથી ગેરહાજર હોય તથા તેમની હાજરી માટે સમન્સ/વોરંટ જાહીર કરવામાં આવ્યા હોવા છતાં આરોપી નં.૧ હાજર થયેલ નથી. આરોપી નં.૧ ગેરહાજર હોવાનું જણાય આવેલ અને આરોપી નં.૧ નજીકના સમયમાં પ્રાપ્ત થવાની સંભાવના જણાતી ન હોય આથી સદર કામે સી.આર.પી.સી.૧૯૭૩ની કલમ-૨૯૯ મુજબ આરોપી નં.૧ ની ગેરહાજરીમાં કેસની આગળની કાર્યવાહી કરવાનો હુકમ મારા પુરોગામી વિ. ન્યાયાધીશ શ્રી ધ્વારા કરવામા આવેલ છે. ત્યારબાદ આરોપી નં.૨ તથા ૩ નું તહોમતનામું આંક : ૧૧ થી ફરમાવી આંક : ૧૨ અને ૧૩ થી પ્લી નોંધેલ છે. આરોપી નં.ર અને ૩ નાઓએ તેમના વિરૂદ્ધના આરોપોનો ઈન્કાર કરેલ છે. જેથી આરોપી નં.ર અને ૩નાઓ વિરૂદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૫) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપરોકત જણાવેલ ફોર્મ 'સી' મુજના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે.**

**<u>ફરિયાદપક્ષના પુરાવાનું સમાપન અને આરોપીનું વિશેષ નિવેદન :</u>**

(૬) ફરિયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ, ફરિયાદપક્ષે રજૂ મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધેલ છે. ત્યારબાદ આરોપી નં.ર અને ૩ નાઓનું સી.આર.પી.સી.ની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ માણસ છે અને ગુના વિશે તેઓ કાઈ જાણતા નથી.

**<u>બચાવપક્ષનો પુરાવો</u>** :

(૭) બચાવપક્ષ તરફથી કોઈ મૌખિક કે લેખિત પુરાવો રજૂ કરેલ નથી.

**<u>પક્ષકારોની દલીલો :</u>**

(૮) આ કામે ફરિયાદી તથા આરોપી તરફે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને રાખી ન્યાયિક હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે. જેમાં મુખ્યત્વે વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદપક્ષે તેમની દલીલમાં ફરીયાદી તથા બનાવના સ્વતંત્ર સાહેદો

તથા પડેલ પુરવાો અને રજૂ થયેલ દસ્તાવેજો ધ્યાને લઈ આરોપીઓને સજા કરવા રજૂઆત કરેલી છે.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરાવાર કરી શકેલ ન હોઈ આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવેલ ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

વધુમાં, સબબ કામે આંક–૩૦ થી ફરીયાદીના વીથ પ્રોશીકયુશન વિ.વ.શ્રી ધ્વારા વિ.એ.પી.પી.શ્રી મારફત તેઓની લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે.

**<u>મુદ્દા અને તેના નિર્ણયો :</u>**

(૯) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**:૦૧:** શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૮–૦૩–૨૦૧૦ થી તા.૦૭–૦૭–૨૦૨૧ સુધી ફરિયાદીને અવાર નવાર નાની નાની બાબતોમાં બોલાચાલી કરી ઝધડો તકરાર કરી ફરિયાદીને કહેલ કે તુ તારા બાપના ઘરેથી કઈ દહેજ કે દર દાગીના લાવેલ નથી તેમ કહી ફરિયાદીને મહેણા ટોણા માનસીક તેમજ શારીરિક ત્રાસ આપી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઇ.પી.કો. ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૩, ૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

**:૦૨:** શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓ ઉપરના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**:૦૧: નકારમાં,**

**:૦૨: આખરી હુકમ મુજબ.**

## -::કારણો::-

**(૧૧)** પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ હાલના કેસની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. કાયદાના લાગુ પડતાં પ્રબંધો ધ્યાને લીધા.

**(૧૨)** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક : ૧૪** થી ફરીયાદી-રૂપલ નરેશ કુમાર ત્રીવેદીનાઓની જુબાનીમાં જણાવે છે કે, તેઓ બી-૨, ૪૦૨ ફોર્ચ્યુન એમ્પાયર બોરીસણા રોડ કલોલ ખાતે રહે છે અને તેમણે એમ.એસ.સી. માઈક્રોબાયોલોજીનો અભ્યાસ કરેલ છે. તેમના લગ્ન તા. ૮/૩/૨૦૧૦ ના રોજ નરેશ બાબુલાલ ત્રિવેદી સાથે કોર્ટ મેરેજ થયેલા છે. તેમને બે દિકરીઓ છે. જેમાં મોટી બેબીનું નામ જૈની છે તેની ઉંમર ૧૨ વર્ષની છે અને નાની બેબી ૫ વર્ષની છે તેનું નામ રૂષવી છે. તેમના લગ્ન તા. ૮/૩/૨૦૧૦ ના રોજ નરેશકુમાર બાબુલાલ ત્રિવેદી સાથે પ્રેમલગ્ન થયેલા અને લગ્નના એકાદ મહિનામાં તેઓ તથા તેમના પતિ નરેશકુમાર એક જ જ્ઞાતિના હોઈ તેમની બોલચાલ શરૂ થયેલી અને તેઓ તેમના પતિ સાથે તેમની સાસરીમાં કામધેનુ ફલેટમાં રહેવા ગયેલા. ત્યાં તેઓ તથા તેમના પતિ નરેશ બાબુલાલ ત્રિવેદી તથા તેમના સાસુ ગીતાબેન બાબુલાલ ત્રિવેદી અને સસરા બાબુલાલ ભિખાભાઈ ત્રિવેદી રહેતા હતા અને થોડા સમય પછી તેઓ તથા તેમના પતિ અને સાસુ સસરા કપડવંજ ખાતે રહેવા ગયેલા. તેમના પતિના સમાજમાં દહેજની પ્રથા હોય તેમના સાસુ-સસરા તેમની પાસે દહેજની માંગણી કરતા અને તેમને ખરાબ ગાળો બોલતા હતા અને તકરાર કરતા હતા. તેમણે નરેશકુમાર સાથે પ્રેમલગ્ન કરેલ હોય તેઓ આ બધો ત્રાસ મુંગા મોઢે સહન કરતા હતા. ત્યારબાદ તા. ૩૦/૧૧/૨૦૧૧ ના રોજ તેમની મોટી દિકરી જૈનીનો જન્મ થયેલો. ત્યારબાદ આરોપીઓ તેમની પાસે "તું કોઈ દરદાગીના લાવેલ નથી" તેવું કહી ત્રાસ આપતા હતા અને તેમના પતિને ઉશ્કેરણી કરતા હતા જેથી તેમના પતિ તેમને ગળદાપાટુનો માર મારતા હતા. તેમણે તેમનું લગ્નજીવન ટકાવવું હોય

તેઓ બાબતની જાણ તેમના માતા–પિતાને કરતા ન હતા અને મુંગે મોઢે સહન કરી લેતા હતા. ત્યારબાદ તા. ૧૩/૯/૨૦૧૮ માં તેમની બીજી બેબી રૂષવીનો જન્મ થયેલો. બીજી બેબીના જન્મ બાદ તેમના પતિ તથા સાસુ–સસરાનો ત્રાસ વધી ગયેલો અને તેઓ તેમને કહેતા કે તેઓ કરીયાવરમાં તેમના પિયરેથી કંઈ લાવેલ નથી તેમજ દરદાગીના લાવેલ નથી તેવું કહેતા હતા અને તેમના સાસુ–સસરાની ઉશ્કેરણીથી તેમના પતિ નરેશકુમાર તેમને ગળદાપાટુનો માર મારતા અને તેઓ પણ તેમને કહેતા કે તેઓ દહેજમાં કશું લાવેલ નથી તેવું કહેતા અને ઝઘડો કરી ગળદાપાટુનો માર મારી તેમને ઘરમાંથી બહાર કાઢી મૂકેલ અને તેમને કહેલ કે, "તું પાછી આવીશ તો તને જાનથી મારી નાખીશું." ત્યારબાદ આ બધાનો ત્રાસ તેમનાથી સહન થતો ન હોય તા. ૪/૬/૨૦૨૧ ના રોજ તેમણે તેમના પિતાને ફોન કરી કહેતા તેમના પિતા તેમને તેમના ઘરે કલોલ લાવેલા. ત્યારબાદ પણ તેઓના ફોન આવતા પરંતુ તેમણે રિસીવ કરેલા નહિ. ત્યારબાદ તા. ૭/૭/૨૦૨૧ ના રોજ તેમણે કલોલ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ આપેલી. જે અસલ ફરિયાદને દાખલ **આંક–૧૫** આપવામાં આવે છે. તેઓએ ફરિયાદ આપી તે પહેલા કલોલ શહેર પો.સ્ટે.માં ફરિયાદના સ્વરૂપમાં લેખિત અરજી આપેલી. જે અરજી અસલ તેમને બતાવવામાં આવે છે. તેમાં દરેક પાના ઉપર ફરિયાદી તરીકે તથા અરજી કરનાર તરીકે તેમની સહી છે. જે અસલ અરજી નામદાર કોર્ટમાં રજૂ દાખલ **આંક–૧૬** આપવામાં આવે છે. તેઓ આ કામના આરોપીઓને ઓળખે છે. આરોપી નં. ૨ અને ૩ હાજર હોય સાહેદ તેમને જોયેથી તેમજ નામ સહિત ઓળખી બતાવે છે. આરોપી નં. ૧ નરેશકુમાર ત્રિવેદી સામે ક્રિ.પ્રો.કો.ક. ૨૯૯ મુજબ કામ ચલાવવા હુકમ થયેલ છે.

**(૧૨.૧)** ત્યારબાદ આરોપી નં. ૨ તથા ૩ તરફે વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ જણાવેલ છે કે '' એ વાત ખરી છે કે, અમારા લગ્ન મારી મરજીથી તા. ૮/૩/૨૦૧૦ ના રોજ થયેલા. એ વાત ખરી છે કે, આરોપી નં. ૨ અને ૩ અમારા લગ્ન વખતે હાજર ન હતા. એ વાત ખરી છે કે, લગ્ન પછી અમે આરોપી નં. ૧ સાથે ઘર નં. ૩૩ નંદનગર સોસાયટી, પંચવટી, કલોલ ખાતે રહેવા ગયેલા. એ વાત ખરી નથી કે, મારા

આરોપી નં. ૧ સાથેના લગ્ન થી આરોપી નં. ૨, ૩ ને સખત વાંધો અને વિરોધ હતો. એ વાત ખરી નથી કે, મારા પતિ આરોપી નં. ૧ એ મારા સાસુ–સસરાના કહેવામાં ન હતા. એ વાતનો મને ખ્યાલ નથી કે, આરોપી નં. ૨, ૩ નાઓએ આરોપી નં. ૧ તેમનાકહેવામાં નથી તે અંગેની જાહેર ચેતવણી તા. ૬/૭/૨૦૧૧ ના રોજ સંદેશ ન્યુઝ પેપરમાં ઉત્તર ગુજરાત મહેસાણા પૂર્તીમાં જાહેર નોટીસ આપેલી. એ વાત ખરી છે કે, આરોપી નં. ૧ સાથે મારા લગ્ન થયા તે પહેલા આરોપી નં. ૧ ની સગાઈ બીજી જગ્યાએ નકકી થઈ ગયેલી હતી. એ વાત ખરી છે કે, આરોપી નં. ૧ ની સગાઈ નકકી થઈ ગયેલી હોવા છતા અમોએ પ્રેમલગ્ન કરેલ હોય આરોપી નં. ૨, ૩ ની તેમના સમાજમાં ઈજ્જતને ઠેસ પહોચેલી સાહેદ જણાવે છે કે, અમોએ પ્રેમલગ્ન કરેલ હોય મારા માતા પિતાની ઈજ્જતને પણ ઠેસ પહોચેલી. એ વાત ખરી નથી કે, આરોપી નં. ૧ ની સગાઈ નકકી થયેલી હોવા છતા અમોએ પ્રેમલગ્ન કરતા આરોપી નં. ૨, ૩ નાઓએ આરોપી નં. ૧ સાથેના સંબંધો કાપી નાખેલા. એ વાત ખરી છે કે, આરોપી નં. ૧ સાથે હું થોડો સમય કલોલ નંદનગર ખાતે રહયા બાદ આરોપી નં. ૧ નાઓ સાથે કપડવંજ ભુમી ફલેટમાં રહેવા ગયેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યાં અમો એટલે કે, હું–મારા પતિ અને સાસુ સસરા સાથે રહેતા હતા. એ વાત ખરી નથી કે, મારા લગ્ન થયા ત્યારથી આજ દિન સુધી સતત આરોપી નં. ૨, ૩ કલોલ કલ્યાણપુરામાં જ રહે છે. એ વાત ખરી છે કે, તા. ૭/૭/૨૦૨૧ પહેલા મે કોઈ ફરિયાદ આપેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં એ હકીકત લખાવેલ નથી કે, લગ્નના એકાદ મહિનામાં હું અને મારા પતિ નરેશકુમાર એક જ જ્ઞાતીના હોય અમારે બોલચાલ થયેલી અને હું મારા પતિ સાથે સાસરીમાં કામધેનુ ફલેટમાં રહેવા ગયેલ અને ત્યાં હું મારા પતિ તથા મારા સાસુ સસરા સાથે રહેતા હતા. એ વાત ખરી છે કે, મે મારી ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે, તા. ૪/૬/૨૦૨૧ ના રોજ મે મારા પિતાને ફોન કરી કહેતા મારા પિતા મને તેઓના ઘરે કલોલ લાવેલા. ત્યારબાદ પણ તેઓના ફોન આવતા પરંતુ મે રીસીવ કરેલા નહી. એ વાત ખરી નથી કે, હું લગ્ન બાદ આરોપી નં. ૨, ૩ સાથે કયારેય રહેલ નથી. એ વાત ખરી નથી કે, મે મારી ફરીયાદ તથા સરતપાસમાં "મારા લગ્ન બાદથી જ મારા સાસુ સસરા તથા મારા પતિ અમોને

અવારનવાર નાની બાબતોમાં અમારી સાથે એનકેન પ્રકારે બોલાચાલી કરી મેણા ટોણા કરી ઝઘડો કરવાનુ ચાલુ કરેલ, પરંતુ અમોએ પ્રેમલગ્ન કરેલ હોય અમો મુંગા મોએ આ લોકોનો ત્રાસ સહન કરેલ તેમજ મારા સાસુ સસરા મારા પતિને ઉશ્કેરણી કરી અમોને ત્રાસ આપવાનુ ચાલુ કરેલઅને મારા સાસરી પક્ષના સભ્યો જેમ ફાવે તેમ બોલી મારઝુડ કરતા હોય અમોએ આ બાબતે કોઈને જાણ કરેલ નહી" એવી હકીકત ખોટી લખાવેલ છે. એ વાત ખરી નથી કે, મે મારી ફરીયાદ તથા સરતપાસમાં "મારા સાસુ સસરા અવાર નવાર અમોને તારા બાપના ઘરેથી કંઈ દહેજ કે દરદાગીના લાવેલ નથી તેમ છતા તને ઘરમાં રહેવા દઈએ છીએ" એવી હકીકત ખોટી લખાવેલ છે. એ વાત ખરી નથી કે, આ કામના આરોપી નં. ૨, ૩ નાઓ મારી બે દિકરીઓના જન્મ બાદ પણ મારી પાસે દહેજની માંગણી કરતા અને ત્રાસ આપતાની હકીકત ખોટી જણાવું છુ. એ વાત ખરી છે કે, તા. ૪/૬/૨૦૨૧ ના રોજ હ મારી મરજીથી આરોપીઓન ઘર છોડી જતી રહેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપીઓએ મને તથા મારી બે દિકરીઓને ઘરમાંથી કાઢી મુકેલ હોય મેં મારા પિતાને ફોન કરેલો અને મારા પિતાની સાથે ગયેલી. એ વાત ખરી નથી કે, મેં આજરોજ પહેલીવાર આરોપી નં. ૨ અને ૩ ને જોયેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી નં. ૨, ૩ નાએ દહેજની માંગણી કરી, ગાળો બોલી ત્રાસ આપ્યાની તથા જાનથી મારી નાખવાની તથા આરોપી નં. ૧ ને ચઢામણી કર્યાની હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે, મારે આરોપી નં. ૧ સાથે છુટાછેડા જોઈએ છે. એ વાત ખરી નથી કે, છુટાછેડા મેળવવા માટે આરોપીઓ સામે ખોટી ફરીયાદ કરેલી છે.''

(૧૩) આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક : ૧૮ થી સાહેદ**–મહેન્દ્રભાઈ લાભશંકર મહેતાનાઓની જુબાનીમાં જણાવે છે કે,ઓ બી–૨, ૪૦૨ ફોર્ચ્યુન એમ્પાયર બોરીસણા રોડ કલોલ ખાતે રહે છે અને ફરિયાદી રૂપલબેન તેમની દિકરી થાય છે. તેમના દિકરીનું લગ્ન તા.૦૮/૦૩/૨૦૧૦ ના રોજ નરેશ બાબુલાલ ત્રિવેદી સાથે કોર્ટ મેરેજ થયેલા છે. તેમની દિકરીના પ્રેમલગ્ન થયેલા છે. તેણીને બે દિકરીઓ છે. જેમાં મોટી બેબીનું નામ જૈની છે તેની ઉંમર ૧૨ વર્ષની છે અને નાની બેબી ૫

વર્ષની છે તેનું નામ રૂષવી છે. લગ્ન બાદ તેમની દિકરી અને નરેશકુમાર તથા તેના સાસુ–સસરા છ મહિના સુધી કલોલ રહ્યા બાદ કપડવંજ રહેવા ગયેલા. લગ્ન થયા બાદ કપડવંજ ગયા ત્યારથી તેના પતિ નરેશકુમાર તથા તેના સાસુ ગીતાબેન તથા સસરા બાબુભાઈ ભીખાભાઈ રૂપલબેનને શારીરિક તથા માનસિક ત્રાસ આપતા હતા. તેઓ તેમની દિકરીને અવારનવાર કહેતા કે, "તું તારા પિયરથી કોઈ દહેજ કે દાગીના લાવેલ નથી" અને કામકાજની બાબતમાં માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા. તેમની દિકરીએ પ્રેમલગ્ન કરેલા હોય તેણી મુંગા મોઢે સહન કરતી હતી. તેમની દિકરીના સાસુ–સસરા નરેશકુમારને ચઢામણી કરી મેણા–ટોણા મારતા હતા. તેમની દિકરીને સંતાનમાં એક દિકરી જૈનીનો જન્મ થયેલો ત્યારે આરોપીઓ કહેતા હતા કે, "તારા પિતા ડોક્ટર હોય તેમની પાસેથી તું પૈસા મંગાવ." ત્યારબાદ તેમની દિકરીને બીજી દિકરીનો જન્મ થયેલો, જેનું નામ રૂષવી હતું. ત્યારબાદ આરોપીઓ વધુ ત્રાસ આપવા લાગેલા અને આરોપીઓ કહેતા કે, "તું તારા પિતા પાસેથી દહેજ લેતી આવ તો જ તને અમે અમારા ઘરમાં રાખીશું." જેથી તેમની દિકરીએ ના પાડતા તેઓ વધુ ત્રાસ આપવા લાગેલા અને તા. ૪/૬/૨૦૨૧ ના રોજ તેમની દિકરીને ઘરમાંથી કાઢી મૂકેલ અને કહેલ કે, "ઘરમાં પગ મૂકીશ તો જાનથી મારી નાખીશું." ત્યારબાદ તેમની દિકરી તેમના ઘરે આવેલ અને તેમને આ તમામ વાતોની જાણ કરેલ અને તેમના ઘરે આવ્યા બાદ પણ આરોપીઓ માનસિક ત્રાસ આપતા હતા. જેથી તેમની દિકરીએ તેના સાસરિયાઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ આપેલી. પોલીસે તેમનું નિવેદન લીધેલું. આ કામના આરોપીઓ તેમની દિકરીના સાસરિયા થતા હોય તેઓને તેઓ ઓળખે છે.

**(૧૩.૧)** ત્યારબાદ આરોપી નં. ૨ તથા ૩ તરફે વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ જણાવેલ છે કે, '' એ વાત ખરી છે કે, મારી દિકરીએ પ્રેમલગ્ન કરેલા છે. એ વાત ખરી છે કે, આ લગ્ન મારી મરજી વિરૂધ્ધ થયેલા. મને એ વાતનો ખ્યાલ નથી કે, મારી દિકરીના સાસુ સસરાનો પણ પ્રેમલગ્ન સામે વિરોધ હતો. મને એ વાતનો ખ્યાલ નથી કે, મારી દિકરીના લગ્ન થયા તે પહેલા આરોપી નં. ૧ નરેશભાઈની સગાઈ થઈ ગયેલ હતી. એ વાત ખરી નથી કે, આરોપી નં. ૨ અને ૩ મારી દિકરીના પ્રેમ

લગ્ન થયા તે પહેલા અમારા ઘરે લગ્ન ન કરવા માટે સમજાવવા આવેલા. મને એ વાતનો ખ્યાલ નથી કે, મારી દિકરીના લગ્ન થયા ત્યારબાદ આરોપી નં. ૨ અને ૩ નાએ આરોપી નં. ૧ વિરૂધ્ધ જાહેર ચેતવણી દૈનીક પેપરમાં છપાવેલી. મને એ વાતનો ખ્યાલ નથી કે, આરોપી નં. ૧ અને મારી દિકરીના લગ્ન થયા ત્યારબાદ આરોપી નં. ૨ અને ૩ નાએ આરોપી નં. ૧ સાથેના સંબંધો તોડી નાખેલા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપી નં ૧ થી ૩ સાથે જ રહેતા હતા. એ વાત ખરી નથી કે, લગ્ન બાદ મારી દિકરી આરોપી નં ૧ સાથે નંદ નગર ઘર નં. ૩૩, પંચવટી, કલોલ ખાતે રહેવા ગયેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી દિકરી અને આરોપી નં. ૧ થી ૩ નાઓ સાથે રહેવા ગયેલા. મને એ વાતનો ખ્યાલ નથી કે, મારી દિકરીએ આરોપી નં ૧ સાથે લગ્ન કરી આરોપી નં. ૨, ૩ ને કલ્યાણપુરા જીવનપ્રકાશ સોસાયટી ખાતે લગ્નનુ સર્ટીફીકેટ મોકલેલુ કે કેમ. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તે મને મારી દિકરીએ ઘરે આવ્યા બાદ કહેલ. એ વાત ખરી નથી કે, મારી દિકરી સાથે હું ફરીયાદ આપવા માટે ગયેલો. મને એ વાતનો ખ્યાલ નથી કે, મારી દિકરીએ કઈ તારીખે ફરીયાદ આપેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોલીસે મારુ નિવેદન તા. ૭/૭/૨૦૨૧ ના રોજ લીધેલ. એ વાત ખરી નથી કે, પોલીસે નિવેદન સમયે ફકત મારુ નામ અને સરનામુ પુછેલુ અને સહી કરાવેલી. એ વાત ખરી નથી કે, "આરોપીઓ મારી દિકરીને મેણા ટોણા કરી ઝપડો તકરાર કરતા, મારઝુડ કરતા, શારીરીક માનસીક ત્રાસ આપતા, ગાળો બોલતા, દહેજની માંગણી કરતા અને ઘરમાંથી કાઢી મુકેલ અને કહેલ કે, તુ પાછી આવીશ તો તને જાનથી મારી નાખીશુ" તેવી હકીકત હું ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે, મારી દિકરી લગ્ન કરી આરોપી ન. ૨, ૩ સાથે રહેલ નથી. એ વાત ખરી નથી કે, મારી દિકરીને આરોપી નં. ૧ સાથે છુટાછેડા જોઈએ છે જેથી આરોપી નં. ૨, ૩ સામે ખોટો કેસ કરેલ છે.''

(૧૪) આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક: ૨૫ થી પોલીસ સાહેદ**–રૂપલ નરેશ કુમાર ત્રીવેદીનાઓની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ–૨૦૨૧ માં તેઓ કલોલ શહેર પો.સ્ટે.માં હેડ કોન્સ તરીકે

ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૭.૭.૨૧ ના રોજ ફરીયાદી રુપલબેન નરેશકુમાર ત્રિવેદી તે મહેન્દ્ર લાભશંકર મહેતાની દીકરી નાઓની પી.એસ. આઈ શ્રી. ડી.કે.ઠાકોર રુબરુની લેખિત ફરીયાદ સુચિપત્ર તથા ગુન્હો રજીસ્ટર કરવાના હુકમ સાથે તેઓને મળતા તેઓએ સદરહું ફરીયાદ આધારે નોંધી ગુન્હો રજીસ્ટર કરી તેની સ્ટેશન ડાયરી નંબર–૧૫/૨૧ થી તા.૦૭–૦૭–૨૦૨૧ ના કલાક–૨૦:૧૫ વાગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરી આગળની તપાસ પોલીસ સબ ઈન્સ ડી.કે ઠાકોર કલોલ શહેર પો સ્ટે.નાઓને સોંપવાનો હુકમ કરેલો જે સુચિપત્ર કમ ફરીયાદ દાખલ કરવાનો હુકમ તેમજ તપાસનો હુકમ સયુકત કાગળમાં કરવામાં આવેલ છે જેમા તેઓ તથા પી.એસ.આઈ. શ્રી ડી.કે.ઠાકોર સાહેબની સહી છે. જેને આંક–૨૬ આપવામાં આવેલ છે. તેઓને આંક–૧૫ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે ડી કે. ઠાકોર સાહેબે તેઓને ગુન્હો રજીસ્ટર કરવા માટે મોકલેલ તે જ છે. જેમાં ફરીયાદી ની અને ડી કે.ઠાકોર સાહેબની સહી ઓળખી બતાવેલ છે.

**(૧૪.૧)** ત્યારબાદ આરોપી નં. ૨ તથા ૩ તરફે વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, '' એ વાત ખરી છે કે અમોએ ફરીયાદીની ડી. કે. ઠાકોર સાહેબ રુબરુની ફરીયાદ આધારે ગુન્હો રજીસ્ટર કરેલો. એ વાત ખરી છે કે આ ફરીયાદ કોણે તૈયાર કરેલી તે હું કહી શકુ નહી સાહેદ જણાવે છે કે ફરીયાદ ડી.કે.ઠાકોર સાહેબ રુબરુની હતી અને ગુન્હો રજીસ્ટર થવા માટે આવેલી એ વાત ખરી છે કે ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ ડી. કે. ઠાકોર સાહેબને સોંપ્યા સિવાય આ ગુન્હાના કામે અમોએ કોઈ કાર્યવાહી કરેલ નથી.''

**(૧૫)** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક :૨૭ થી પોલીસ સાહેદ**–દિલીપસિંહ કુવરજી ઠાકોરનાઓની જુબાનીમાં જણાવે છે કે, વર્ષ–૨૦૨૧ માં તેઓ કલોલ શહેર પો સ્ટે માં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ કામના ફરીયાદીનાઓએ પોલીસ ઈન્સ. કલોલ શહેર પો.સ્ટે મુકામ કલોલ જી.ગાંધીનગરનાઓને સંબોધી આ કામના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪,

૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩,૭ મુજબ નો ગૂન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાસારુ તા.૧૧–૦૬–૨૦૨૧ ના એલ.એ.પી નં. ૪૪/૨૧ થી અરજી આપેલ હોય જે અરજીની તપાસ અ.હે.કો. રાજેન્દ્રસીંહ નાઓ કરતા હતા અને સદરહુ તપાસના કામે ફરીયાદીની પુછપરછ કરતા તેઓએ તા.૦૭–૦૭–૨૦૨૧ ના રોજ તેમની રુબરુ તેઓની ફરીયાદ હકીકત જાહેર થતા તેમણે તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ હકીકત લખી લઈ સદરહું ફરીયાદ હકીકત તેઓને વાંચી સંભળાવી તેઓના લખાવ્યા મુજબની બરાબર અને ખરી હોય તેમણે ફરીયાદીની તેમાં સહી લીધેલી તેમજ રુબરુ તરીકે તેમણે તેમની સહી કરેલી. તેમને આંક–૧૫ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તે જ છે. જેમાં ફરીયાદીની અને રુબરુ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખે છે. આ કામના ફરીયાદીએ તેમની રુબરુ ફરીયાદ હકીકત જાહેર કરતા તેમણે સદરહું ફરીયાદ આધારે કલોલ શહેર પો.સ્ટે. પી એસ ઓ શ્રી પ્રવિણભાઈ શ્રવણભાઈનાઓને સુચિપત્ર સાથે ગુન્હો રજીસ્ટર કરવા માટે લેખિતમાં જાણ કરતા તેમની લેખિત ફરીયાદ તથા સુચીપત્ર તથા ગુન્હો રજીસ્ટર કરવાના હુકમ આધારે કલોલ શહેર પો.સ્ટે. ગુન્હો રજીસ્ટર કરી તેની સ્ટેશન ડાયરી નંબર–૧૫/૨૧ થી તા. ૦૭–૦૭–૨૦૨૧ ના કલાક–૨૦:૧૫ વાગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરી આગળની તપાસ તેમને સોંપવાનો હુકમ કરેલો. જે આંક–૨૬ વાળો સુચિપત્ર કમ ફરીયાદ દાખલ કરવાનો હુકમ તેમજ તપાસનો હુકમ સંયુક્ત કાગળમાં કરવામાં આવેલ છે જેમાં તેમની તથા પી.એસ.ઓ.ની સહી છે જે તેઓ ઓળખે છે. તેમને મળેલ ફરીયાદ મુજબ ગુન્હો તા. ૦૮–૦૩–૨૦૧૦ થી ફરીયાદ થઈ ત્યાં સુધી સતત ચાલુ હતી અને બનાવની હકીકત મુજબ ફરીયાદી અને આરોપીઓએ લગ્ન જીવન દરમ્યાન અવારનવાર નાની નાની બાબતોમાં ઝઘડો તકરાર કરી ફરીયાદીને કહેલ કે "તું તારા બાપના ઘરેથી કોઈ દહેજ કે દાગીના લાવેલ નથી" તેવું કહી મેણાટોણા મારી માનસિક તેમજ શારીરિક ત્રાસ આપી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીને ઘરમાંથી કાઢી મુકતા તેમજ અવારનવાર ફરીયાદીના પીયરે આવી મેણા ટોણા મારી ફરીયાદીને માનસિક તેમજ શારીરિક ત્રાસ આપ્યાની હકીકત ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ હતી. સદરહું કામે તેમને આગળની તપાસ

મળતા તેમણે તપાસના કામે ફરીયાદીએ આપેલ તા.૧૧–૦૬–૨૦૨૧ ની અરજી તપાસના કાગળોમાં સામેલ રાખેલ તેમજ તા.૦૭–૦૭–૨૦૨૧ ના રોજ મહેન્દ્રભાઈ લાભશંકર મહેતા ફરીયાદીના પિતા તથા ભારતીબેન મહેન્દ્રભાઈ લાભશંકર મહેતા ફરીયાદીની માતાનાઓના નિવેદનો લીધેલા અને તપાસના કાગળો સાથે સામેલ રાખેલ તેમજ તા. ૨૩–૦૭–૨૦૨૧ ના રોજ આ કામના આરોપીઓ મળી આવતા આરોપીઓને સી.આર.પી.સી. ૪૧(ક) મુજબ નોટીસ આપવામાં આવેલી અને તેઓ હાજર રહેતા તેઓના નિવેદનો કાગળોમાં સામેલ રાખેલ અને આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલું. તેમને ચાર્જશીટ બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખે છે.

**(૧૫.૧)** ત્યારબાદ આરોપી નં. ૨ તથા ૩ તરફે વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, '' એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદીની ફરીયાદ તથા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખેલ નથી પરંતુ અમોએ અમારી રીતે લખી લીધેલ છે. <u>એ વાત ખરી છે કે આ કામે કરીયાદીના માતા પિતા સિવાય કોઈના નિવેદનો અમોએ લીધેલા નથી. એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદી તથા આરોપી નં ૨, ૩ સાથે રહેતા હતા કે કેમ તે અંગે અમોએ કોઈ તપાસ કરેલ નથી. સાહેદ જણાવે છે કે લગ્ન જીવનની શરુઆતમાં સાથે રહેતા હતા અને ત્યારબાદ અલગ રહેવા લાગેલા.</u> એવાત ખરી નથી કે આરોપી નં.૨, ૩ સામે પુરતો પુરાવો ન હોવા છતા અમોએ ખોટુ ચાર્જશીટ કરેલ છે.''

**(૧૬)** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક : ૨૮ થી સાહેદ**–ભારતીબેન મહેન્દ્રભાઈ મહેતાનાઓની જુબાનીમાં જણાવે છે કે, તેમના પતિ ડોક્ટર છે અને તેમના પતિના ક્લીનીકો કલ્યાણપુરા તથા ફોર્ચ્યુન એમ્પાયર માં આવેલા છે. તેમને સંતાનમાં બે બાળકો છે જેમાં મોટી દિકરી નામે રુપલ અને બીજા સંતાનમાં રુત્વિક નામે દિકરો છે. તેમની દિકરી રુપલે તેની મરજીથી તા. ૦૮/૦૩/૨૦૧૦ ના રોજ કલોલ ખાતે રહેતા નરેશ બાબુલાલ ત્રિવેદી સાથે લગ્ન કરેલા. લગ્ન બાદ તેમની

દિકરી તેની સાસરીમાં તેના પતિ નરેશભાઈ, તેના સસરા બાબુભાઈ ભીખાભાઈ ત્રિવેદી તથા તેના સાસુ ગીતાબેન સાથે રહેતી હતી. લગ્નના થોડાક સમય પછી તેઓ કપડવંજ ખાતે રહેવા ગયેલા. અને લગ્નના થોડાક સમય બાદ તે લોકો તેમની દિકરી પાસે દહેજની માંગણી કરતા હતા અને કહેતા હતા કે "તારા પિતા ડોકટર છે, તું દહેજમાં કશું લાવી નથી અને પહેરેલ કપડે આવેલ છે" તેમ કહી તેમની દિકરી સાથે મારઝૂડ કરતા, તેની સાથે નાની નાની બાબતમાં બોલાચાલી અને ઝઘડો કરતા હતા. છતાં તેમની દિકરીએ તેની મરજીથી લગ્ન કરેલ હોય તે મુંગેમોઢે આ બધું સહન કરતી હતી અને તેમને જાણ કરતી ન હોતી. આવી રીતે તેમની દિકરીને તેના પતિ અને સાસુ–સસરા માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા. ત્યારબાદ તા. ૩૦/૧૧/૨૦૧૧ ના રોજ તેમની દિકરી રુપલને દિકરી નામે જૈનીનો જન્મ થયેલ. ત્યારબાદ પણ આરોપીઓએ દહેજની માંગણી ચાલુ જ રાખતા અને તેઓ તેમની દિકરીને કહેતા કે "તું દહેજમાં કશું લાવેલ નથી છતાં અમો તને રાખીએ છીએ." અને તેઓ તેમના પતિ ડોકટર હોય તેઓની પાસેથી પૈસા લાવવા માટે તેમની દિકરી પર દબાણ કરતા હતા. તેમ છતાં તેમની દિકરી આ બધું સહન કરે જતી હતી અને તેમની દિકરીને એક બાળક દિકરી હોવા છતાં તેના સાસુ–સસરા પુત્રની અપેક્ષાએ તેમની દિકરીને બાળક લાવવા માટે દબાણ કરતા હતા. ત્યારબાદ તેમની દિકરીએ બીજી દિકરી નામે રુસ્વી તા. ૧૩/૦૯/૨૦૧૮ ના રોજ જન્મ આપેલ. અને ત્યારબાદ તેમની દિકરીને તે લોકોએ વધુ ત્રાસ આપવાનું ચાલુ કરેલું અને તેમની દિકરીને ગડદાપાટુનો માર મારેલો અને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને તેમની દિકરીને ઘરમાંથી કાઢી મુકેલી. જેથી તેમની દિકરીને શારીરિક માનસિક ત્રાસ તથા આરોપીઓએ આપેલ જાનથી મારી નાંખવાની ધમકી સહન ન થતા તા. ૦૪/૦૬/૨૦૨૧ ના રોજ તેમની દિકરી રુપલ કલોલ ખાતે તેમના ઘરે આવેલી. ત્યારબાદ તેમની દિકરીના પતિ નરેશકુમાર ફોન કરી વારંવાર તેમની દિકરીને કહેતા હતા કે "મારા પિતાનું ઘર ગીરવે છે અને તે માટે તારા પિતાએ શું કરેલ છે" તેવું કહેતા હતા જેથી તેમની દિકરીને વધુ પડતું લાગી આવેલ. ત્યારબાદ તેમની દિકરીએ અરજી કરેલ અને કલોલ શહેર પો. સ્ટે. માં ફરીયાદ આપેલી. ફરીયાદ સંબંધે પોલીસે તા. ૦૭/૦૭/૨૦૨૧

ના રોજ તેમનું નિવેદન લીધેલું. તેઓ આ કામના આરોપીઓને જોયેથી ઓળખી શકે છે. આરોપી નં. ૨ અને ૩ હાજર હોય સાહેદ આરોપીઓને જોયેથી નામથી ઓળખી બતાવે છે. તેમની દિકરી રુપલ તથા તેની બન્ને દિકરીઓ તા. ૦૪/૦૬/૨૦૨૧ થી તેમના ઘરે છે.

**(૧૬.૧)** ત્યારબાદ આરોપી નં. ૨ તથા ૩ તરફે વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, '' એ વાત ખરી છે કે મારી દિકરી રુપલે અમારી મરજી વિરુધ્ધ લગ્ન કરેલ. એ વાત ની મને ખબર નથી કે લગ્ન બાદ આરોપી નં. ૨ અને ૩ નાઓએ તેમના દિકરા નરેશકુમાર ના વિરુધ્ધમાં સંદેશ ન્યુઝ પેપરમાં જાહેર પ્રસિધ્ધી આપેલી એ વાત ખરી નથી કે મારી દિકરી રુપલ ના નરેશ સાથેના લગ્ન અંગે આરોપી નં. ૨,૩ નાઓનો સખત વિરોધ હતો. એ વાત ની મને ખબર નથી કે મારી દિકરી રુપલ ના લગ્ન આરોપી નરેશ સાથે થયેલ તે પહેલા નરેશના સગપણ તેમના સમાજમાં થઇ ગયેલા હતા. એ વાત ખરી નથી કે નરેશની સગાઇ થયેલ હોવા છતા તેને મારિ દિકરી સાથે લગ્ન કરેલ હોવાથી આરોપી નં. ૨,૩ નાઓએ આરોપી નં. ૧ નરેશ સાથેના સબંધ કાપી નાખેલો. એ વાત ખરી છે કે મારિ દિકરી આ કામના આરોપી નં ૧ સાથે લગ્ન કર્યા બાદ પંચવટી એરીયામાં નંદનગર ઘર નં ૩૩ માં રહેવા ગયેલા. સાહેદ સ્વેછા એ જણાવે છે કે મારી દિકરી નંદનગરમાં તેમના સાસુ-સસરા સાથે એક જ મકાન માં રહેવા ગયેલી એ વાત ખરી નથી કે મારી દિકરી નંદનગર માં રહેતી હતી ત્યારે તેના સાસુ-સસરા આરોપી નં. ૨,૩ નાઓ કલ્યાણાપુરા જીવનપ્રકાશ સોસાયટી,કલોલ માં રહેતા હતા. એ વાત ની મને ખબર નથી કે મારી દિકરી અને આરોપી નં. ૧ નાઓના લગ્નનું પ્રમાણપત્ર તેઓએ આરોપી નં. ૨,૩ ના જીવનપ્રકાશ સોસાયટી કલ્યાણપુરા,કલોલ ના સરનામે મોકલેલ. એ વાત ખરી નથી કે આરોપી નં. ૨,૩ નાઓ મારી દિકરી આરોપી નં. ૧ નરેશ સાથે લગ્ન ના કરેતે બાબતે બે-ત્રણ વખત અમારા ઘરે સમજાવવા માટે આવેલા. મારી દિકરીના લગ્ન તા. ૦૮/૦૩/૨૦૧૦ ના રોજ થયા બાદ એકાદ માસ પછી મારી દિકરી અમારા ત્યાં આવતી જતી હતી. એ વાત ખરી છે કે મેં સરતપાસમાં જણાવેલ છે તે હકિકત મારી દિકરીએ તા. ૦૪/૦૬/૨૦૨૧ ના રોજ અમારા ઘરે આવ્યા બાદ અમોને જણાવેલ. સાહેદ સ્વેછાએ જણાવે છે કે તે પહેલા ક્યારેક

ક્યારેક મારિ દિકરી ફોન પર અમોને તેને અપાતા ત્રાસ વિશે તેમજ દહેજની માંગણી બાબતે વાત કરતી હતી. એ વાત ખરી છે કે મેં મારા પોલીસ નિવેદનમાં એવું લખાવેલ નથી કે "મારી દિકરી ને એક બાળક દિકરી હોવા છતા તેના સાસુ–સસરા પુત્ર ની અપેક્ષાએ મારી દિકરીને બાળક લાવવા માટે દબાણ કરતા હતા" એ વાત ખરી છે કે મેં મારા પોલીસ નિવેદનમાં એવું લખાવેલ નથી કે " મારી દિકરીના પતિ નરેશકુમાર ફોન કરી વારંવાર મારી દિકરી ને કહેતા હતા કે મારા પિતાનું ઘર ગીરવે છે અને તે માટે તારા પિતા એ શું કરેલ છે તેવું કહેતા હતા જેથી મારી દિકરીને વધુ પડતુ લાગી આવેલ ત્યારબાદ મારી દિકરી એ અરજી કરેલ અને ત્યારબાદ ફરીયાદ કરેલ."એ વાત ખરી નથી કે મેં સરતપાસમાં લખાવ્યા મુજબ મારિ દિકરી રુપલને આરોપીઓ એ કોઈ મારઝુડ કરેલ નથી કે માનસિક કે શારિરિક ત્રાસ આપેલ નથી કે દહેજની માંગણી કરેલ નહી. એ વાત ખરી છે કે સરતપાસમાં જણાવેલ શારીરીક માનસિક ત્રાસ અને દહેજની માંગણીની હકિકત મારી દિકરી રુપલના કહેવાથી અમોએ જાણેલી. એ વાત ખરી નથી કે પોલીસે અમોને માત્ર નામ સરનામુ પુછી ફરીયાદને અનુરુપ અમારુ નિવેદન લખી લીધેલ. એ વાત ખરી નથી કે ફરીયાદી મારી દિકરી હોય તેના સમર્થનમાં સોગંદપર ખોટી જુબાની આપુ છું''

**<u>આક્ષેપિત ગુનાની વ્યાખ્યાઓ</u> : –**

**(૧૭)** આ કામે આરોપીઓ ધ્વારા ઈ.પી.કો કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩, ૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હાનો કરેલ છે કે કેમ તે નિર્ણય પર આવવા માટે તેની સંલગ્ન વ્યાખ્યાઓ ધ્યાને રાખવી અતી આવશ્યક છે, જે નીચે મુજબ છે:

**<u>ઈ.પી.કો.કલમ ૪૯૮(અ)</u>:**

**"498-A. Husband or relative of husband of a woman subjecting her to cruelty.-** Whoever, being the husband or the relative of the husband of a woman, subjects such woman to cruelty shall be punished with imprisonment for a term which may extend to three years and shall also be liable to fine.

Explanation.- For the purposes of this section, cruelty means:

(a) any wilful conduct which is of such a nature as is likely to drive the woman to commit suicide or to cause grave injury or danger to life, limb or health (whether mental or physical) of the woman; or
(b) harassment of the woman where such harassment is with a view to coercing her or any person related to her to meet any unlawful demand for any property or valuable security or is on account of failure by her or any person related to her to meet such demand."

## ઈ.પી.કો.કલમ ૩૧૯ તથા ૩૨૩:

**IPC Section 319 deals with Hurt which says that** Whoever causes bodily pain, disease or infirmity to any person is said to cause hurt"

**IPC Section 323 deals with Punishment for voluntarily causing hurt which says that** Whoever, except in the case provided for by Section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both"

## ઈ.પી.કો.કલમ ૫૦૪ :

**IPC Section 504 deals with Intentional insult With intent to provoke breach of the peace which says that,** Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both"

## ઈ.પી.કો.કલમ ૫૦૩ અને ૫૦૬ (૨) :

**IPC Section 503 deals with Criminal intimidation, which says that,**

Whoever threatens another with any injury to his person, reputation or property, or to the person or reputation of any one in whom that person is interested, with intent to cause alarm to that person, or to cause that person to do any act which he is not legally bound to do, or to omit to do any act which that person is legally entitled to do, as the means of avoiding the execution of such threat, commits criminal intimidation.

## ઈ.પી.કો.કલમ ૧૧૪:

**"Section 114. Abettor present when offence is committed** - Whenever any person who if absent would be liable to be punished as an abettor, is present when the act or offense for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offense."

**<u>દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૪:</u>**

**"4. Penalty for demanding dowry.**—If any person demands, directly or indirectly, from the parents or other relatives or guardian of a bride or bridegroom, as the case may be, any dowry, he shall be punishable with imprisonment for a term which shall not be less than six months, but which may extend to two years and with fine which may extend to ten thousand rupees: Provided that the Court may, for adequate and special reasons to be mentioned in the judgment, impose a sentence of imprisonment for a term of less than six months."

(૧૮) હવે આ કામે રજુ રખાયેલ પુરાવા પરથી શું આ કામના આરોપીઓ દ્વારા ઉપરોકત વ્યાખ્યાઓ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે કે કેમ તે ચકાસવુ પડે.

**<u>મુલ્યાંકન</u>:–**

(૧૯) સદર કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ ફરીયાદી તથા તમામ સાહેદોના મૌખિક પુરાવાઓ તથા રજુ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા જણાઈ આવે છે કે સબબ કામે ફરીયાદી તથા તેઓના માતા તથા પિતાની જુબાની નોંધવામા આવેલ છે અને તેઓ ત્રણેય ધ્વારા સબબ કામની ફરીયાદ હકીકત મુજબનો પુરાવો આપેલ છે તથા ફરીયાદ હકીકતને સમર્થન કરેલ છે. પરંતુ, સબબ કામે ફરીયાદ હકીકતને સમર્થનકારી કોઈ તટસ્થ કે સ્વતંત્ર સાહેદ ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરેલ નથી. ફરીયાદીના માતા તથા પિતા ધ્વારા ફરીયાદીની સદર ફરીયાદ મુજબની હકીકતોને સમર્થન કરેલ છે, પરંતુ, તેઓનો પુરાવો તટસ્થ કે સ્વતંત્ર સાહેદ તરીકેનો પુરાવો તથા બનાવ નજરે જોનાર સાહેદ તરીકેના પુરાવા તરીકે મુલવી શકાય નહી તેવુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે. વધુમાં, ફરીયાદ બાબતે ત.ક.અ. ધ્વારા કોઈ તટસ્થ કે સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી તથા ફરીયાદ પક્ષ ધ્વારા કોઈ તટસ્થ

કે સ્વતંત્ર સાહેદ તપાસવામા આવેલ નથી. સબબ કામનો રેકોર્ડ ધ્યાને લેતા જણાઈ આવે છે કે ત.ક.અ.શ્રી ને ફરીયાદીની ફરીયાદ મુજબના બનાવ બાબતે ફરીયાદી જે ઘરમા રહેતા હોય ત્યાં આસપાસ ઘરની આજુબાજુના અથવા અન્ય સ્વતંત્ર સાહેદો મળી આવે તેવી શકયતા હોવા છતા ત.ક.અ. ધ્વારા તે અંગે તપાસ કરી આવા કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી. આમ, સબબ કામે કોઈ તટસ્થ પુરાવો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરેલ નથી જે હકીકત ફરીયાદ પક્ષના કેસને નિર્બળ બનાવે છે.

(૨૦) વધુમા, આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા પોતાની ફરીયાદ હકીકત પુરવાર કરવા પોતાની ફરીયાદના સમર્થનમા ફરીયાદ સીવાય કોઈ પણ અન્ય દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. સબબ કામે આરોપીઓ ધ્વારા દહેજ પેટે રૂપિયાની માંગણી કરેલ હોવા બાબતનો પણ કોઈ પુરાવો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામા આવેલ નથી. વધુમા, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સબબ કામે તપાસવામા આવેલ સાહેદો ફરીયાદીના માતા તથા પિતા છે અને પોલીસ સાહેદ છે. આમ, આ સમગ્ર હકીકતો એકસાથે ધ્યાને લેતા સદર હકીકતો ફરીયાદ પક્ષના કેસને નિર્બળ બનાવે છે તથા ફરીયાદ પક્ષના કેસની વિરુધ્ધમા જાય છે.

(૨૧) વધુમા, સબબ કામે આંક:૨૭ થી ત.ક.અધિકારી નાઓને તપાસવામા આવેલ છે. સદર ત.ક.અધિકારી ધ્વારા તેમની ઉલટ તપાસમા એ હકીકતો નો સ્વીકાર કરેલ છે કે આ કામે કરીયાદીના માતા પિતા સિવાય કોઈના નિવેદનો તેઓએ લીધેલા નથી અને ફરીયાદી તથા આરોપી નં ૨, ૩ લગ્ન જીવનની શરુઆતમાં સાથે રહેતા હતા અને ત્યારબાદ અલગ રહેવા લાગેલાં. આમ, ત.ક.અધિકારી ધ્વારા કરીયાદીના માતા પિતા સિવાય કોઈના નિવેદનો લીધેલા નથી તથા ફરીયાદી તથા આરોપી નં ૨, ૩ લગ્ન જીવનની શરુઆતમાં સાથે રહેતા હતા અને ત્યારબાદ અલગ રહેવા લાગેલાં જે હકીકત ફરીયાદ પક્ષની ફરીયાદ કરતા વિરુધની હકીકત છે. જે હકીકત ફરીયાદ તથા પુરાવામાં વિસંગતતા ઉભી કરે છે તથા સદર હકીકતો એકસાથે ધ્યાને લેતા સદર હકીકતો ફરીયાદ પક્ષના કેસને નિર્બળ બનાવે છે તથા ફરીયાદ પક્ષના કેસની વિરુધ્ધમા જાય છે.

(૨૨) વધુમા, સદર કામે આરોપીઓ ઉપર ઈ.પી.કો. કલમ ૫૦૪

તથા ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે. તે અન્વયે પણ સદર કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં આ કામના આરોપીઓ કયા પ્રકારની ગાળો બોલેલા તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવતી નથી. વધુમા, ઈ.પી.કો.કલમ–૫૦૪ હેઠળ તરસીરવાન ઠરાવવાના આવશ્યક તત્વો જોવામાં આવે તો, આરોપીઓએ એવા શબ્દોનું ઉચ્ચરણ કરેલ હોવું જોઈએ કે જેથી તે ઉચ્ચારણ જેના સંબંધમાં હોય તેનુ અપમાન થયુ હોય અને તે શાન્તીનો ભંગ કરવા પ્રેરાય. આમ, સદર કામે આરોપીઓ ધ્વારા કયા પ્રકારની ગાળો બોલવામાં આવેલ તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવતી નથી તેમજ ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ કોઈપણ સાહેદો ચોકકસ શબ્દો જણાવતાં ન હોય ફરિયાદપક્ષ આરોપી સામે ઈ.પી.કો. કલમ ૫૦૪ મુજબનો ગુનો પુરવાર કરી શકેલ નથી. વધુમા, આરોપીઓએ જાનથી મારી નાંખીશ, તેવા શબ્દો બોલેલ હોય તે માત્રથી ઈ.પી.કોડની કલમ – ૫૦૬(૨) હેઠળનો ગુનો પુરવાર થયેલ છે, તેવુ માની શકાય તેમ નથી. બનાવ બાદ અન્ય કોઈ બનાવ બનેલ હોય કે આરોપીની ધમકીના લીધે તેમના જીવન ઉપર અલાર્મીંગ અસર પડેલ હોય કે તેઓ ભયના ઓથાર હેઠળ કે ડર કે બીક રહેતી હોય તેવી હકીકત ફરીયાદપક્ષના સાક્ષીઓના પુરાવામાંથી નીકળી આવેલ નથી. ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની જોતાં સદર હકીકતો આરોપીઓને તકસીરવાન ઠરાવવા રેકર્ડ પર લાવી શકેલ નથી.

**(૨૩)** વધુમાં, નામ. ગુજ.વડી અદાલતે ''પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત કે જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭ ઉપર પ્રસિઘ્ધ થયેલ છે, જેમાં ના. ગુજરાત વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, આરોપીને ઈ.પી.કો.કલમ–૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવવા માટે વાસ્તવમાં જે શબ્દ બોલેલો તે શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ.

> "Mere abuse in the absence of any intention to provoke any person to break the public peace or to commit any other offence or of knowledge that, a breach of the peace was likely, does not fall within Section 504 of the Indian Penal Code"

**(૨૪)** ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા જેને ધમકી આપવામાં આવેલ છે તેને વ્યાજબી ધાસતી હોવી જોઈએ. પરંતુ, તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોઈ, જેથી ફરીયાદપક્ષ આ કામના

આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) હેઠળનો ગુન્હો નિ:શકપણે પુરવાર કરેલ કહી શકાય નહિ. ઈ.પી.કોડ ની કલમ–૫૦૬(૨) ના ગુન્હા અંગે જોઈએ તો જે ધમકી આપવામાં આવેલ હોય તે ધમકીની સીધી અલાર્મીંગ અસર આ કામના ફરીયાદી કે સાહેદો ઉપર પડેલ હોય કે ફરીયાદી કે સાહેદો તેમનુ કુદરતી જીવન જીવવાનુ ભુલી ગયા હોય કે કોઈ વિપરીત અસર થયેલ હોય, તેવુ તેમના પુરાવા ઉપરથી જણાઈ આવતુ નથી, અને આથી ફરિયાદપક્ષ આરોપી સામે ઈ.પી.કો. કલમ ૫૦૪ અને ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરી શકેલ નથી.

(૨૫) વધુમા, આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો **Achin Gupta Vs. State of Haryana & Anr., Criminal Appeal No. 2379 of 2024 arising out of SLP (Crl.) No. 4912 of 2022,** નો ચુકાદો ધ્યાને લેવા જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

> "The Police machinery cannot be utilised for the purpose of holding the husband at ransom so that he could be squeezed by the wife at the instigation of her parents or relatives or friends. In all cases, where wife complains of harassment or ill-treatment, Section 498A of the IPC cannot be applied mechanically."

(૨૬) વધુમાં, આ તબકકે નામદાર ઉચ્ચ અદાલતોના મહત્વના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

**Harbeer Singh V/s. Sheeshpal & Ors 2016 (16) SCC 418**

ઉપરોકત ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા અવલોકન કરવામા આવેલ આવેલ છે કે ક્રિમીનલ જયુરીશપ્રુડન્શના સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવાનો હોય છે. તેનો બોજો કયારે આરોપી પર શીફટ થતો નથી. તેમજ જો કેસમા રજુ કરેલ પુરાવા ઉપરથી બે અભિપ્રાયો શકય હોય એક આરોપીના અપરાધ તરફ અને બીજો તેની નિર્દોષતા તરફ નિર્દેષ કરે ત્યારે આરોપીની તરફેણમા હોય તેવુ અભિપ્રાય માનવુ જોઈએ.

**S.Subbulaxmi V/s. Kumarasamy & Ors, 2017 (8) SCC 125**

ઉપરોકત ચુકાદામાં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા અવલોકન કરવામા આવેલ આવેલ છે કે જો ફરિયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવતા પુરાવામાં મોટા પ્રમાણમાં વિરોધાભાસ જોવા મળતો હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

**State of Karnataka V/s. Sheik Khader, 2000, CrLJ, 430 (Para 11)**

ઉપરોકત ચુકાદામાં નામ. કોર્ટ ધ્વારા અવલોકન કરવામા આવેલ છે કે હીત ધરાવતા સાહેદોની જુબાનીને મહત્તમ સાવધાની સાથે જોવી જોઈએ અને અદાલતે તેના માટે સ્વતંત્ર પુરાવાનો સમર્થન તરફ પણ જોવુ જોઈએ.

(૨૭) આમ, ઉપરોકત કરવામા આવેલ કાયદા તથા હકીકતોની ચર્ચા ઉપરથી જણાઈ આવે છે કે ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શં કપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદપક્ષના પુરાવાઓમા રહેલી ત્રુટીઓ તથા વિસંગતતાઓ આરોપીઓ સામે આક્ષેપિત કેસમા શંકા ઉપસ્થિત કરે છે. ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષના કેસમાં લેશમાત્ર શંકા હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે તેવો કાયદાકીય સિધ્ધાંત છે.

**<u>મુદદા નંબર–૨</u>:–**

(૨૮) આમ રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા, કાયદાની જોગવાઈ ધ્યાને લેતા, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આ કામના આરોપીઓ વિરૂધ્ધ શંકારહીત રીતે તેઓની સામે આક્ષેપવામાં આવેલ ફરીયાદ હકીકત મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ પરત્વે નકારમાં નિર્ણય આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

(૧) આ કામના આરોપીઓ નં.(૧) નરેશકુમાર બાબુભાઈ ત્રીવેદી, રહે: નડીયાદ રોડ, કપડવંજ, નવી કોર્ટની સામે, સાંઈ કૃપા ફર્નીચરની દુકાનમાં, તા.કપડવંજ, જી.ખેડા (૨) બાબુભાઈ ભીખાભાઈ ત્રીવેદી, તથા (૩) ગીતાબેન વા/ઓ બાબુભાઈ ભીખાભાઈ ત્રીવેદી, નં.૨ તથા ૩ બન્ને રહે: ૫, રામલલીત રેસિડેન્સી, નાની રત્નાકર રોડ, તા.કપડવંજ, જી.ખેડાનાઓને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો. ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૩, ૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં, હાલનો હુકમ સી.આર.પી.સી.ની કલમ ૩૫૩(૭) મુજબ આરોપી નં.૧ની ગેરહાજરીમાં કરવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપીઓ નં.૨ તથા ૩ દ્વારા અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારૂં સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના મુચરકા રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ, આજરોજ તારીખ : ૨૭, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.૨૭/૦૭/૨૦૨૬**
**કલોલ.**

**(એસ.જી.શેખ)**
**બીજા એડી. જ્યુડી. મેજી. ફ.ક.,**
**કલોલ, જી.ગાંધીનગર.**
**કોડ જીજે ૦૧૬૧૫**